गाँधीस्मृति के १५० साल
पदयात्रा
बने जीवनयात्रा

# વિશ્વશાંતિનું પગેરું : નઈ તાલીમ

## પૂર્વભૂમિકા

આપણી પૃથ્વીને એક 'જીવતા ગ્રહ' તરીકે ઓળખાવાય છે. આપણી ચૈતન્યસભર પૃથ્વી ઉપર કરોડો પ્રકારના જીવો અબજોની સંખ્યામાં વસે છે. આ તમામે તમામ જીવોને તેમની જરૂરિયાત પ્રમાણે **"કીડીને કણ અને હાથીને મણ"** મળી રહે તેવી અદ્‌ભુત ન્યાયી વ્યવસ્થા રચયિતાએ રચી છે, તેમ છતાં એક માત્ર માણસને તેણે અલગ પાડયો છે. પૃથ્વી ઉપર સૌ પ્રથમ જીવબિંદુ જન્મયું: પછી પૂરા બે અબજ નવ્વાણું કરોડ અને નવ્વાણું લાખ વર્ષ પછી માણસ પ્રગટ્યો અને તેને કુદરતે કેટલીક સ્વાયત્તતાઓ બક્ષી ! માણસ સિવાયના તમામ સજીવો પ્રાકૃત જીવો છે એટલે કે એ તમામ પ્રકૃતિને આધીન છે. પ્રકૃતિએ કરેલી ગોઠવણ, ઘડી આપેલી તેમની જીવનશૈલી અને સમયપત્રક પ્રમાણે એ સૌ જીવો જીવે છે.

માણસ સંસ્કૃતિને આધીન રહ્યો તેથી તેને સંસ્કૃત બનાવવો અનિવાર્ય છે. અલબત્ત, તેને પ્રકૃત્તિ સાથેની સુસંવાદી જીવનશૈલી અપનાવવી હતી, છતાં તેણે પોતાને કુદરતે બક્ષેલી બુદ્ધિ, સાહસવૃત્તિ, કુતૂહલવૃત્તિ, સંવેદનાઓ અને કલ્પનાશક્તિની મદદથી પોતાની આગવી સંસ્કૃતિ ઊભી કરી. અહીં ત્રણ તબક્કાઓ ઘડાયા: (૧) ગુફામાંથી બહાર નીકળી તેણે અન્ન, વસ્ત્ર, આવાસનાં વિશિષ્ટ સાધનો વિકસાવ્યાં. (૨) માનવજાતની પાયાની જરૂરિયાતો સંતોષાઈ એટલે તેણે આનંદ અને સુખાકારીનાં સાધનોને માધ્યમો શોધી કાઢ્યાં. (૩) અને તેથી ય આગળ વધીને પછીના તબક્કે ભોગવિલાસ અને ભૌતિક સુખાકારીની ગળાકાપ હરિફાઈ સાથેની આંધળી દોટે માનવજાતને વિવેકહીન બનાવી મૂકી.

પ્રકૃતિને સંસ્કૃત અને વિકૃત કરવાની અદ્‌ભુત શક્તિ ધરાવતી માનવજાત, બાહ્ય સુધારાને સંસ્કૃતિ માની બેઠી અને અંતઃકરણને ઢંઢોળીને કરવાના, પ્રકૃતિની જાળવણી સાથેના માનવતાભર્યા વ્યવહારને ભૂલી ગઈ. અને આમ સંસ્કૃતિના આધારે જીવતી માનવજાત વિકૃતિઓમાં ફસાઈ ગઈ.

વિશ્વની વિભૂતિઓએ આપેલું સૂત્ર એકવીસમી સદીનું પ્રધાન સૂત્ર છે: **'માનવીય અભિગમ ધરાવતું હકારાત્મક મૂલ્યનિષ્ઠ શિક્ષણ'** ! તમામ ક્ષેત્રના અનુભવી તજજ્ઞો માનવજાતને ઉગારનાર અને ઉજાગર કરનાર પરિબળ તરીકે તો શિક્ષણને જ ગણાવે છે. સામાન્ય રીતે આપણો પ્રશ્ન એ રહ્યો છે કે "માણસ સુધરશે કયારે?" તેનો ઉત્તર અનુભવી તજજ્ઞો આપતા રહ્યા છે કે "આપણું શિક્ષણ સુધરશે ત્યારે".

આજે તમામ ક્ષેત્રે પ્રાપ્ત થયેલી આંખોને આંજી દેતી ભૌતિક સુવિધાઓએ આપણું જીવન વધારે સગવડભર્યું અને આનંદદાયક બનાવ્યું છે એ સ્વીકાર્યા પછી હકીકત એ છે કે તેણે ગ્લોબલ વોર્મિંગથી લઈને આંતકવાદ સુધીના વિકરાળ પ્રશ્નો પણ ઊભા કર્યા છે. આ પરિસ્થિતિમાંથી બહાર નીકળવાનો સઘન, વ્યવહારુ, બૌદ્ધિક અસરકારક, વૈજ્ઞાનિક અને

ટકાઉ ઉકેલ કાઢયા વગર છૂટકો નથી. વિશ્વના તમામ ક્ષેત્રના તમામ તજજ્ઞોનું માનવું છે કે આ માટે અનિવાર્યપણે **ટકાઉ શિક્ષણ(લાંબાગાળાની અસર ઊભી કરતું શિક્ષણ)** પ્રયોજવું પડશે.

### શિક્ષણ : એક માત્ર સક્ષમ સાધન

શિક્ષણ દ્વારા મૂળે તો આત્માનું શિક્ષણ કરવાનું છે. શરીરને મારી શકાય છે, આત્મા ને કે વિચારને મારી શકાતો નથી. આમ, શિક્ષણ પાસે બહુ મોટી અપેક્ષાઓ રાખવામાં આવી. એક એવા શિક્ષણની જરૂર ઊભી થઈ કે જે (૧) યોગ, ઉદ્યોગ અને સહયોગ દ્વારા સંવેદનાઓના સંસ્કારનું સિંચન કરતું હોય, (૨) વિજ્ઞાન અને અધ્યાત્મનો સમન્વય સાધી આપતું હોય, (૩) મનુષ્યમાં રહેલા મનુષ્યત્વને ઉજાગર કરતું હોય, (૪) માનવતાને પ્રગટાવતી અનુકંપા પેદા કરતું હોય, (૫) સંસ્કૃતિ અને પ્રકૃતિ સાથે સંવાદ રચી આપી સ્થાયી વિકાસની સમજ આપતું હોય, (૬) સંશ્લેષણ અને વિશ્વેષણ કરતાં શીખવીને સારાસારનો વિવેક શીખવતું હોય, (૭) જીવાતા જીવન સાથેનો અનુબંધ સાધી શકતું હોય, (૮) જીવાતા જીવનના પ્રશ્નોને ઉકેલી આપતું જીવનલક્ષી હોય, (૯) શ્રમિકો પ્રત્યે આદર અને વૃદ્ધો પ્રત્યે સદ્ભાવ વધારતું હોય, (૧૦) ધનને નહીં પણ જીવનને સંપતિ માનતું હોય, (૧૧) સમાજ પ્રત્યે ઋણભાવ અદા કરવાનું ડહાપણ આપતું હોય, (૧૨) સુખ અને દુઃખ વહેંચવાનું શીખવતું હોય, (૧૩) ઘસાઈને ઊજળા થવાનાં સેવાકીય વલણોને વિકસાવતું હોય, (૧૪) સમૃદ્ધિને સમરસ કરવાનું વ્યવસ્થાપન શીખવતું હોય અને (૧૫) આ ચૈતન્યસભર સૃષ્ટિના રચયિતાને પ્રત્યે શ્રદ્ધા-વિશ્વાસ ધરાવવાનું શીખવતું હોય ! આવા બત્રીસલક્ષણા શિક્ષણની જરૂર આપણને જરૂર છે.

ભારતવર્ષને ઘડનારું આવું બત્રીસલક્ષણું શિક્ષણ આપણા દેશમાં ૩૦૦ વર્ષ ટકયું હતું તેની 'પાતંજલ યોગસૂત્ર' દ્વારા સાબિતીઓ મળે છે. ભારતવર્ષના સુરાજય-રામરાજયને ટકાવનાર આ ગુરુકુળ-આશ્રમી શિક્ષણપ્રણાલીનો અંત ઈ.સ. ૧૮૨૦થી શરૂ થયો અને આપણી સંસ્કૃતિ અને પ્રકૃતિથી વિમુખ કરી દેનારાં મેકોલે બ્રાંડ શિક્ષણનો પ્રારંભ થયો. આજે આટલાં વર્ષો પછી પણ આપણે આપણી જરૂરિયાતની શિક્ષણપ્રણાલીને પુનઃ સ્થાપિત કરી શકયા નથી. આપણું શિક્ષણ બહુ સારા ડૉકટરો, ઈજનેરો વકીલો, ટૅક્નિશિયનો વગેરે બનાવવામાં સફળ રહ્યું હોવા છતાં એ સારા સંવેદનશીલ માણસો તૈયાર કરવામાં સંપૂર્ણ નિષ્ફળ રહ્યું છે.

સામાન્ય રીતે આપણું સ્વપ્ન રામરાજયનું કે સુરાજય કે સુખી સમાજનું હોય છે. ગાંધીજીએ શોષણવિહીન, અહિંસક, ન્યાયી, સમાનતા અને બંધુતા સાથે કરુણા ધરાવતા પ્રકૃતિપ્રેમી સમાજની કલ્પના કરી છે. આવા સર્વોદયલક્ષી સમાજને ઘડવા એમણે પણ કેળવણી એકમાત્ર સાધન છે એમ જણાવ્યું છે.

## નઈ તાલીમનો ઈતિહાસ




નઈતાલીમ કેળવણીના બીજ તો છેક ૧૮૯૭માં દક્ષિણ આફ્રિકામાં ડરબન ખાતે પોતાના બે પુત્રો અને એક ભાણેજ એમ ત્રણ વિદ્યાર્થીઓને લઈને આજીવન પ્રયોગવીર ગાંધીજીએ રોપી દીધેલાં. અક્ષરજ્ઞાન, અનુભવજન્ય જ્ઞાન, સ્વતંત્રતા, જીવનલક્ષી માહિતીની સાથોસાથ સફાઈ, શરીરશ્રમ, સેવા, સંવેદના અને પરસ્પરની ચાહતનું શિક્ષણ માતૃભાષામાં અપાતું હતું. ગાંધીજીએ તબક્કાવાર જે કેળવણી-પ્રયોગો કર્યા



તેની તવારીખ જોઈએ તો... (૧) ૧૯૦૪માં ડરબનથી ૧૩ કિ.મી. દુર સ્થાપેલા ફિનિક્સ આશ્રમમાં પણ શિક્ષણના પ્રયોગો ચાલુ રહ્યાં. જેમાં વિદ્યાર્થીઓને જાતે ભણતાં કરીને ચારિત્ર્ય ઘડતરને પ્રાધાન્ય આપવામાં આવ્યું.



(૨) જોહાનિસબર્ગથી ત્રીસેક કિ.મી. દૂર તેમણા મિત્ર કેલેનબૅકએ આપેલ ૧૧૦૦ એકર જમીન ઉપર ૧૯૧૦થી ૧૯૧૪ દરમિયાન ટૉલ્સટોય આશ્રમ સ્થાપીને ગાંધીજીએ હૃદયની કેળવણીને વિશેષ ધ્યાને લઈ બાકીના પ્રયોગો ચાલુ રાખ્યા. શિક્ષા, ભય, લાલચ અને પ્રલોભનથી મુકત એવું અભય બક્ષતું આત્માની કેળવણીને પ્રાધાન્ય આપતું શિક્ષણ કાર્ય ગાંધીજીએ શરૂ કર્યું. જેમાં સ્વાવલંબન અને શરીરશ્રમને પણ મહત્વનું સ્થાન આપવામાં આવ્યું.



(૩) અંતે દક્ષિણ આફ્રિકાથી પોતાના અંતેવાસીઓ સાથે ભારત પાછા ફરીને થોડો સમય શાંતિ નિકેતનમાં ટાગોર સાથે રહીને ગાંધીજીએ સ્વાલંબનનો અનોખો સફળ પ્રયોગ કેળવણીના માધ્યમથી કરી બતાવ્યો. કેળવણીના માધ્યમ અને ખોરાક બાબતે બંને મહાનુભવો વચ્ચે એકસૂત્રતા ન જળવાતા પરસ્પરને આદર વ્યકત કરીને આ પ્રયોગને અહીં અટકાવી દેવામાં આવ્યો.



(૪) અમદાવાદ ખાતે ૨૨ મે ૧૯૧૫ના રોજ સત્યાગ્રહ આશ્રમ કોચરબ ખાતે સ્થાપીને ગાંધીજીએ તેમના કેળવણીના પ્રયોગોને તેમના આટલા વર્ષના અનુભવે ૨૭ મુદ્દાઓ અલગ તારવીને પુનઃ આગળ ધપાવ્યા. મુખ્યત્વે માતૃભાષા શિક્ષણ, સ્વાવલંબન, ધાર્મિક અને અધ્યાત્મિકની કેળવણી, કલા-કૌશલ્યનું અનુભવજન્ય શિક્ષણ, જીવાતા જીવન સાથેનો અનુબંધ સાધતું સરળ અને રસિક શિક્ષણ, ભૌતિક સુવિધાઓનો મર્યાદિત ઉપયોગ અને આચરણ કેન્દ્રી કેળવણીને પ્રાધાન્ય અપાયું.



(૫) ૧ જુલાઈ ૧૯૧૭ના રોજ કોચરબથી આગળ જઈને સાબરમતી આશ્રમ ખાતે તેમણે સત્યાગ્રહીઓ તૈયાર કરવા અને સ્વદેશી ગ્રામોદ્યોગ સહિતની પ્રવૃત્તિઓને વેગંવતી કરી. આ ઉપરાંત તેમના કેળવણીના પ્રયોગો પણ ચાલુ રાખ્યા અને **રાષ્ટ્રીય ગુજરાતી શાળા**ની સ્થાપના કરી. ચીલાચાલુ કેળવણી આપણી સંસ્કૃતિ, પ્રકૃતિ, જરૂરિયાત, ટેવો, જીવનશૈલી અને પ્રસન્નતાને અનુકૂળ નથી તેની પ્રતીતિ સૌને કરાવીને ગાંધીજીએ નવી કેળવણીની અનિવાર્યતા સૌને સમજાવી.

# નઈ તાલીમનો જન્મ

ગાંધીજીએ પોતાના ૪૦ વર્ષના સક્રિય શૈક્ષણિક-કાર્યના અનુભવ પછી અને દેશની શાળાઓનો ૨૨ વર્ષ સુધી અભ્યાસ-અવલોકન- અનુભવ કર્યા પછી વર્ધા સ્થિત મારવાડી શિક્ષણ મંડળની તા. ૨૨-૨૩ ઑક્ટોબર ૧૯૩૭માં યોજાયેલ રજત જયંતિ ઉજવણીના પ્રસંગે નવભારત વિદ્યાલયમાં દેશના વિભિન્ન પ્રાંતોમાંથી નિમંત્રિત એવા ૬૦ શિક્ષણવિદો સમક્ષ ૮૫ મિનિટના સંબોધનમાં દેશની કેળવણી વિષયક ઐતિહાસિક સમીક્ષા રજૂ કરી. તેમને પૂરો આત્મવિશ્વાસ હતો અંગ્રેજોએ ટૂંક સમયમાં ભારત છોડવું જ પડશે. એ પછી ભારતના નવનિર્માણ માટે અંગ્રેજોએ આપેલી શિક્ષણપ્રણાલી ચાલશે નહીં, આપણે આપણી પોતાની શિક્ષણપ્રણાલી પ્રસ્થાપિત કરવી જ પડશે. આ બાબતને ધ્યાનમાં રાખીને આ સભામાં ગાંધીજી એ પૂર્વતૈયારી રૂપે અને દેશના શિક્ષણવિદોની માનસિકતા બદલવા સંદર્ભે વિધિવત જણાવ્યું કે નઈ તાલીમની શિક્ષણ પ્રણાલી વગર ભારત દેશ ટકી શકશે નહીં. શ્રી જમનાલાલ બજાજના પ્રમુખ સ્થાને યોજાયેલ આ સંમેલનના અંતે રાષ્ટ્રીય મુસ્લિમ યુનિવર્સિટીના વડા ડૉ. ઝાકીર હુસેનની અધ્યક્ષતામાં આ નઈ તાલીમ શિક્ષણ પ્રણાલીના પ્રસ્તાવ સંદર્ભે વિગતવાર ચર્ચા વિચારણા કરી દેશને માર્ગદર્શિત કરવા માટેની એક સમિતિ રચવામાં આવી. જેમાં નીચે પ્રમાણેના સભ્યો એ પોતાનું યોગદાન આપ્યું.



(૧) ડૉ.ઝાકીરહુસેન, અધ્યક્ષ (૨) શ્રી આર્યનાયકમ્ (સંયોજક) (૩) શ્રી વિનોબા ભાવે
(૪) શ્રી કાકાસાહેબ કાલેલકર (૫) શ્રી કિશોરલાલ મશરૂવાલા (૬) શ્રી જે.સી.કુમારપ્પા
(૭) શ્રીમતી આશાદેવી (૮) શ્રી કૃષ્ણદાસ જાજૂ (૯) શ્રી ખ્વાજા ગુલામ સૈયદેન
(૧૦) શ્રી ખુશાલ તલકશી શાહ.

આ સમિતિએ ૪૦ દિવસના સહ-ચિંતન પછી તા. ૦૩ ડિસેમ્બર ૧૯૩૭ના રોજ પોતાનો જે અહેવાલ ગાંધીજી સમક્ષ રજૂ કર્યો તે **નઈ તાલીમ** થી ઓળખાય છે. ગુજરાત અને બિહારમાં શરૂ થયેલા નઈ તાલીમ શિક્ષણના પ્રયોગોનું મૂલ્યાંકન કરવા દર વર્ષે ગાંધીજીના અધ્યક્ષસ્થાને **અખિલ ભારતીય નઈ તાલીમ સંમેલન** મળતું હતું. ૧૯૪૫માં સમગ્ર નઈ તાલીમનું મહાસંમેલન ગાંધીજી અને લોર્ડ સાર્જન્ટની ઉપસ્થિતિમાં મળ્યું. ઉપસ્થિત સહુ શિક્ષણવિદ્દોની સમંતિ સધાતા તેનો **રાષ્ટ્રીય કેળવણી** તરીકે સ્વીકાર થયો અને આમ **વિધિવત નઈ તાલીમ (વર્ધા શિક્ષણ અથવા બુનિયાદી શિક્ષણ અથવા પાયાની કેળવણી)ના શ્રી ગણેશ** થયા. ગાંધીજીએ કહેલું કે **"જુઓ, આ નઈ તાલીમનું કામ મારા જીવનનું છેલ્લું છે. ભગવાને એને પુરું કરવા દીધું તો હિન્દુસ્તાનનો નકશો બદલાઈ જશે. હું તો કહું છું કે, નઈ તાલીમ સાત વર્ષના બાળકથી નહીં, માના ગર્ભથી શરૂ થવી જોઈએ. ભારતને મારા જીવનની આ મોટામાં મોટી ભેટ એટલા માટે છે કે જેને નઈ તાલીમ મળી છે તેને જો ગાદી પર બેસાડશો તો તે ફુલાશે નહીં અને ઝાડુ આપશો તો તે શરમાશે નહીં. તેને માટે બંને કામની સરખી જ કિંમત હશે."**

## નઈ તાલીમના હાર્દરૂપ તત્ત્વો

આપણું જીવન વિજ્ઞાન અને પ્રકૃતિ સાથે અભિન્ન રીતે જોડાયેલું છે. માનવ જીવનને વૈજ્ઞાનિક અભિગમથી પ્રકૃતિ સાથે જોડવાનું કામ નઈ તાલીમ દ્વારા થાય છે. નઈ તાલીમ એ પરમાણુ અને બ્રહ્માંડ વચ્ચેનો સેતુ સાધી આપતી એક જીવનશૈલી છે. અહીં અનુભવ અને અનુભૂતિ વગરનો એક પણ શબ્દ કે આચરણ અમલમાં મુકાતાં ન હોવાથી આ નિત્ય નવી રહેતી એક જીવનલક્ષી શિક્ષણપ્રણાલી ઉપરાંત વ્યક્તિના સર્વાંગિણ વિકાસને સાધી આપતી જીવનશૈલી છે. ગાંધીજીનું આગ્રહભર્યું સૂચન શાળા સંકુલને સંપૂર્ણપણે આર્થિક રીતે સ્વાવલંબી અને વિષય-શિક્ષણનું માધ્યમ ઉત્પાદક શરીરશ્રમને બનાવવાનું હતું. આ સૂચનો મોટાભાગના કેળવણીકારોને અવ્યવહારુ જણાયા હોવા છતાં રાષ્ટ્રપ્રેમી કેળવણીકારોએ નઈ તાલીમને શકય તેટલી વધારે વ્યાપક અને પ્રોત્સાહિત કરવા પ્રયત્નો શરૂ રાખ્યાં. **કેળવે તે કેળવણી** અર્થને સાર્થક કરી આપતી આ નઈ તાલીમના હાર્દરૂપ તત્ત્વો આઝાદી પછી રચાયેલા તમામ રાષ્ટ્રીય શિક્ષણ પંચોએ સીધા કે આડકતરા સ્વરૂપે સ્વીકારેલ છે. નઈ તાલીમના હાર્દરૂપ તત્ત્વોને આજે નીચે પ્રમાણે ગણાવી-સમજાવી શકાય.

(૧) **સ્વાશ્રયી કેળવણી :** બધી કેળવણી શકય તેટલી સ્વાશ્રયી અને સ્વાવલંબી હોવી જોઈએ. કેળવણીનું માધ્યમ ઉત્પાદક શરીરશ્રમ રહેવું જોઈએ. હાથ, હૃદય અને મગજ (3H)ની સંમતુલિત કેળવણી દ્વારા સર્વાંગિણ વિકાસ. વિદ્યાલય, છાત્રાલય અને ભોજનાલય કેળવણીના વાહકો બનવા જોઈએ.

(૨) **શિક્ષણનું માધ્યમ :** શિક્ષણનું માધ્યમ માતૃભાષા જ હોય.

(૩) **શિક્ષણનું વહીવટી કાર્ય :** તમામ કાર્યવાહી અને પ્રવૃત્તિના કેન્દ્રમાં માત્ર વિદ્યાર્થી જ હોઈ શકે. વિદ્યાર્થીને માન, સન્માન, પ્રેમ, સ્વતંત્રતા, નિર્ભયતા, સમાનતા, આદર અને નિર્ણયોમાં ભાગીદારી બક્ષવામાં આવતી હોય.

(૪) **શિક્ષણપ્રણાલી :** શિક્ષણપ્રણાલી પરીક્ષાલક્ષી નહીં પરંતુ મૂલ્યલક્ષી અને જીવનલક્ષી હોય. વિદ્યાર્થી જાતે શીખતો થાય તેવી સરળ, રસિક, સસ્તી અને જે તે કક્ષાના ભણનારને તેના જીવનમાં એ ઉપયોગી છે તેની ખાતરી કરાવતું વિદ્યાલય હોય.

(૫) **અનુબંધિત શિક્ષણ :** પોતાની જાત સાથે, જીવાતા જીવન સાથે, સ્થાનિક પર્યાવરણ અને સંસ્કૃતિ સાથે અનુબંધ સાધી આપવા ઉપરાંત સ્થાનિક સમસ્યાઓ સાથે પણ અનુબંધ સાધી આપતું શિક્ષણ.

(૬) **અનુભવજન્ય શિક્ષણ :** પ્રવૃત્તિ અને અનુભવ દ્વારા અપાતું શિક્ષણ.

(૭) **સમૂહજીવન-છાત્રાલય :** સદ્‌ગુણોનો વિકાસ સાધી ચારિત્ર્યની ખિલવણી કરી એકબીજાના ગમા-અણગમા બાજુએ રાખીને છાત્રો એકબીજાના સુખ-દુઃખ વહેંચવાનો માનવીય અભિગમ કેળવીને કોઈપણ પ્રકારના ભેદભાવ વગર એક બૃહદ પરિવારમાં સંપથી રહેતા શીખે. ઘસાઈની ઊજળા થવાની વૃત્તિનો વિકાસ થાય અને ધન એ સંપતિ નથી. જીવન એ સંપત્તિ છે તેનો અનુભવ કરાવે તેવું છાત્રાલય. ગાંધીજીનું સ્વપ્ન તો છાત્રાલયને જ વિદ્યાલય બનાવી દેવાનું હતું.

(૮) **સહશિક્ષણ :** યુવાન વયે વિજાતીય વૃત્તિની વિકૃત્તિઓ ઘટે અને ભાઈઓ-બહેનો સાથે ભણે, પ્રયોગો કરે, શ્રમકાર્ય કરે, ઉત્સવો ઉજવે, રમતો રમે અને પ્રાર્થના પણ કરે તેને કેળવણીની ઈષ્ટ પ્રવૃત્તિ ગણવામાં આવે છે. આથી સમાજમાં સંયમ અને વિવેકની સારપ વધે છે.

(૯) **ગૃહકાર્ય અને ઉત્પાદક શરીરશ્રમ :** હિંસાત્મક અને ખંડનાત્મક પ્રવૃત્તિનો વિકલ્પ કોઈ હોય તો તે છે સર્જનશીલતા. માણસની શારીરિક અને માનસિક શક્તિઓ વચ્ચે એક અખંડ સંબંધ રહેલો છે. પરસ્પરના સહયોગથી આ શક્તિઓ બળ પ્રાપ્ત કરે છે. કોઈ કામ ઊંચું કે નીચું નથી, શ્રમિકો પ્રત્યે આદર અને અનુકંપા જન્માવે છે.

(૧૦) **અવિધિસરનું શિક્ષણ :** વર્ગખંડમાં અપાતા વિષય શિક્ષણ સિવાયની પ્રાર્થના સહિતની તમામ દિનચર્યા-પ્રવૃત્તિઓનો આમા સમાવેશ થાય છે. અવિધિસરનું શિક્ષણ વિદ્યાર્થીઓને સંસ્કારી, સંવેદનશીલ, ચારિત્ર્યવાન, વિવેકી, શ્રદ્ધાળુ, માયાળુ, કર્મઠ અને કાર્યક્ષમ બનાવે છે.

(૧૧) **અભ્યાસ-અધ્યનન :** સતત અભ્યાસ, ચિંતન, અધ્યયન-વાંચન-લેખન વગેરે નઈ તાલીમને નિત્ય નવી રાખે છે.

(૧૨) **સાદાઈ :** જમીન પર બેસવાની, સાદા કપડાં પહેરવાની, સાદું ભોજન જમવાની કે ઓછી સામગ્રીઓથી શક્ય તેટલું વધારે કામ કરવાની મનોવૃત્તિ એ સ્વૈચ્છિક સ્વીકારેલી સાદાઈ છે. આ સાદાઈ એ દારિદ્રયની ઉપાસના નથી પરંતુ જગતના મોટાભાગના લોકોની જીવનશૈલી પામવાનો અસરકારક ઉપાય છે.

આમ, ગાંધીજીની નઈ તાલીમ બાળકેન્દ્રી, ઉદ્યોગકેન્દ્રી, પ્રકૃતિકેન્દ્રી, સાંસ્કૃતિકકેન્દ્રી, સમાજકેન્દ્રી, જ્ઞાનકેન્દ્રી, મૂલ્યકેન્દ્રી, ચારિત્ર્ય-ઘડતરકેન્દ્રી, રાષ્ટ્રીયકેન્દ્રી અને અધ્યાત્મિકકેન્દ્રી પણ છે.

**એક અર્થમાં નઈ તાલીમ એ શિક્ષણ જગતનું અંતિમ સત્ય છે.**

## ગુજરાતમાં નઈ તાલીમ

નઈ તાલીમને શિક્ષણનો રાજમાર્ગ બનાવનારા અને ગાંધીજીની નઈ તાલીમને દેશમાં સૌ પ્રથમ વખત વ્યવહારમાં સફળ બનાવનાર ઋષિવર્ય કેળવણીકાર નાનાભાઈ ભટ્ટે ૧૯૩૮માં આંબલા ખાતે **ગ્રામદક્ષિણામૂર્તિ** સંસ્થામાં બાળમંદિરથી માધ્યમિક સુધીના શિક્ષણનો નમૂનો આપ્યો. ૧૯૫૩માં સણોસરા ખાતે **લોકભારતી** સંસ્થામાં દેશની સર્વપ્રથમ ગ્રામવિદ્યાપીઠ સ્થાપીને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે પણ નઈ તાલીમનો સફળ પ્રયોગ વિશ્વ સમક્ષ મૂકીને ભારતીય સંસ્કૃતિની આશ્રમી ગુરુકુળ પરંપરાને આધુનિક સ્વરૂપે પુનઃજીવંત કરી આપી. વેડછી વિસ્તારમાં શ્રી જુગતરામ દવેએ પણ નઈ તાલીમને વરેલી આશ્રમ શાળાઓ સ્થાપીને નોંધપાત્ર કામ કર્યું. સમગ્ર દેશમાં કાર્યરત નઈ તાલીમની સંસ્થાઓ પૈકી ૯૦ ટકા સંસ્થાઓ માત્ર ગુજરાતમાં આવેલી છે.

## વૈશ્વિક સંદર્ભે નઈ તાલીમ

નઈ તાલીમ કેળવણીના વિચારો એટલા બધા આધુનિક અને ચિરંજીવ છે કે તે આજે જ નહીં પણ આવતીકાલે પણ એટલા જ પ્રસ્તુત રહેવાના છે. વિશ્વના વિદ્વાન શિક્ષણવિદ્દોએ અને યુનેસ્કોએ આપેલા ૨૧મી સદીના શિક્ષણ વિષેના માર્ગદર્શક અહેવાલો 'લર્નિંગ ટુ બી' અને 'લર્નીંગ ધી ટ્રેઝર વિધીન' ના સૂચિતાર્થોને કોઈ પણ સામાન્ય અભ્યાસુ જો નઈ તાલીમના હાર્દરૂપ તત્ત્વો સાથે સરખાવશે તો ખ્યાલ આવશે કે **એ નઈ તાલીમની આધુનિક આવૃતિ સમાન જ છે !!** આથી, પુરી દૃઢતા અને આધારો સાથે કહી શકાય કે ગાંધીજીએ સૂચવેલી નઈ તાલીમ એ કોઈ માત્ર શિક્ષણપ્રણાલી નથી, એ તો સ્થળાતીત, કાળાતીત, અસીમ અને અનંત શાશ્વતીમાં સ્થિર કરનારી જીવનશૈલી છે. જે આપણામાં રહેલા

આત્માને અને આપણી આસપાસના ચૈતન્યસભર પર્યાવરણને તેના મૂળ સ્વરૂપમાં પામવાનું શીખવીને પૂર્ણગતિએ સ્થિરતા બક્ષીને સ્વર્ગના ઉબંરે પહોંચાડે છે.

## નઈ તાલીમના પુરસ્કર્તા

